CENTRE FOR BANKING RESEARCH,
DEVELOPMENT & EXCELLENCE (CBRDE)

*Established By :*

GUJARAT URBAN CO-OPERATIVE BANKS FEDERATION (GUCBF)

ક્રમાંક: જીયુસીબીએફ/૪૩/૬૦૮/૨૦૧૭-૧૮ તા.૩૦-૧૧-૨૦૧૭

પ્રતિ

શ્રી ચેરમેન/ચીફ એકઝીકયુટીવ ઓફીસર,

(સભાસદ સહકારી બેંકો)

મહાશય,

બાબત: બોર્ડના સભ્યો સાથે વિચાર-વિમર્શ

રીઝર્વ બેંકના ઇન્સ્પેકશન રીપોર્ટ અને ઓડીટરોના ઓડીટ રીપોર્ટમાંથી મળેલા મુદ્દાઓના આધારે કેટલીક સહકારી બેંકો તરફથી અમને જણાવવામાં આવેલ છે કે, બેંકોને લગતી ઘણી બાબતો અંગે સહકારી બેંકોના ચેરમેન તથા બોર્ડના સભ્યો સાથે ચર્ચા-વિચારણા થાય તો બેંકોના વહીવટમાં તે ઉપયોગી થઇ શકે તેમ છે.

ઉપર દર્શાવેલ હકીકતને ધ્યાનમાં રાખીને અમે સહકારી બેંકો માટે જે તે બેંકોમાં ON-LOCATION પ્રોગ્રામ યોજવાનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં બેંકોના ચેરમેન તથા બોર્ડના સભ્યો ભાગ લઇ શકશે. આ પ્રોગ્રામની અન્ય વિગત નીચે પ્રમાણે છે:

સમય: કોઈ એક દિવસે બપોરના 3:00 થી ૬:00 સુધી (અથવા જે અનુકુળ સમય હોય તે)

વિષયો:

- બેંકો ને લગતી કાયદાકીય બાબતો
- ધીરાણ વૃધ્ધિ અને વસુલાત
- ધીરાણોમાં માંડવાળથી વસુલાત
- સ્ટાફને લગતી HR પોલીસી ભરતી/બઢતી/તાલીમ તથા આંતરિક વીજીલન્સ વ્યવસ્થા
- પ્રીવેન્શન ઓફ મનીલોન્ડરીંગના કાયદા અન્વયે બોર્ડ રાખવાની તકેદારી
- Planning અને Marketing
- રીઝર્વ બેંક તથા સહકારીખાતા સાથેના પ્રશ્નો
- બોર્ડના સભ્યો માટે રીઝર્વ બેંક ઓફ ઇંડિયાની માર્ગદર્શક સુચના (do's and don'ts)

ઉપર દર્શાવ્યા પ્રમાણે આપની બેંકમાં કાર્યક્રમ રાખી આ તાલીમનો લાભ લેવા ભલામણ છે; તે અંગેની આપની જરૂરિયાત જણાવશો તો તેની તારીખ તથા અન્ય વ્યવસ્થા અંગેની વિગતો મોકલી આપવામાં આવશે.

આ અંગે વધુ જાણકારી માટે સંપર્ક: શ્રી કે.વી.લકુમ – M.9327076431

પ્રત્યુત્તરની આશા સાથે,

ભવદીય

(આર.એન.જોષી) IAS-retd

એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર



Co-operative Banks Bhavan, Near Jaihind Press, Ashram Road, Mithakhali Under Bridge, Ahmedabad-380009.
Phone : 079-26589159, 26589179, Fax : 079-26584901 E-mail : gujfed@gmail.com, Web : www.gujfed.com